





ધરતી પર પગ નથી, આકાશમાં ફરવું છે,
ઉધાર છે ઉદ્યોગપતિનું-એનું ઉદર ભરવું છે
ચરવું છે રાષ્ટ્ર, બેઠી પનોતી 'લોખંડ'ને પાયે -
તંત્રની તિજોરીએ, 'સરદાર' નામે તરવું છે..




મુખત્યારીમાં
મૂંઝાતા સૌ ઢળશે -
'આપ' તરફ!

ફેલી ગંદકી
જરૂર છે 'ઝાડુ'ની -
લીંપણ નીચે..

## ચિંતન

*મુક્ત મિચ્છસિ ચેતાત વિષયાન વિષવત્ ત્યજ ।*
*ક્ષમા અઅર્જવં દયા શૌચં સત્ય પીયૂષવદ્ ભજ ॥*

ચાણક્ય 'નીતિ શતક'માં મુક્તિ પામવાનો સરળ માર્ગ દર્શાવવામાં આવ્યો છે.

'યદિ મનુષ્ય મુક્તિ ચાહે તો તો તેને ખરાબ વ્યસનો, વાસના, બૂરી આદતોથી દૂર રહેવું જોઇએ. આ બધી ટેવો ને વિષવત્ જાણીને તેનો ત્યાગ કરવો જોઇએ. અને ક્ષમા-દયા-સહનશીલતા-ધૈર્ય-સત્ય-શુદ્ધિ, નિષ્ઠાને અમૃત સમાન સમજી એમને ગ્રહણ કરવાં જોઇએ.'

ચાણક્ય કહે છે જેને આ સંસારમાં વિષયચક્રમાંથી નિકળવું હોય, તેણે સદાચારનો આશ્રમ લેવો જોઇએ. દૂરાચારથી દૂર રહેવું જોઈએ અને જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા ક્ષમા-દયા-ત્યાગ-સમર્પણ-સત્ય જેવા સદ્ગુણ કેળવવા જોઇએ.

વ્યસનો-કુટેવો-દુરાચાર-દુષ્કર્મો જીવનને પતનની ગર્તામાં લઇ જાય છે એક ભૂલ - એક પાપ અનેક ભૂલ-પાપોના દરવાજા ખોલી નાખે છે એકવાર જેનું પતન થાય એ વ્યક્તિ પતનની ખાઇમાં ઊંડો ને ઊંડો ઉતરતો જાય છે અને પછી બહાર નીકળવાનો કોઇ જ માર્ગ મળતો નથી-મુક્તિનો માર્ગ બંધ થઇ જાય છે.

સદ્ગુણોથી મનની શાંતિ પ્રાપ્ત થાય છે. માનસિક શાંતિમાં સાચું સુખ અને એ જ મુક્તિ છે.

## સુવિચાર

- ધનવાનનું હૃદય ધનના ભારથી સંકોચાઇ જાય છે.. પછી તેમાં અનુકંપા, ઉદારતા ને રહેવા સ્થાન જ રહેતું નથી — *- એસ.ભટ્ટાચાર્ય*
- વીતી ગયેલી ગઇકાલ એ કેન્સલ ચેક જેવી છે, એમાંથી કંઇ મળવાનું નથી, આવતીકાલએ પ્રોમીસરી નોટ છે. એ પણ આવશે ત્યારે આવશે — *- મોરારિબાપુ*
- ફોટામાં હસતો દેખાવા માણસ જેટલી મહેનત કરે છે એટલા પ્રયત્ન પણ લોકો સામે હસતા રહેવા નથી કરતો — *- કાન્તિ ભટ્ટ*
- **એ વાત સાચી છે કે દવામાં કોઇ મજાક નથી પણ મજાકમાં કે હસવામાં ઘણી મોટી દવા છે** — *- જનકલ્યાણ*
- **કેટલાક લોકોને ઘરમાં ધાક જમાવવાની ગંદી આદત પડી જાય છે એમાં ઘરના લોકોનું હાસ્ય તો રૂંધાય ન જાય એ જોજો** — *- સંત રોબીન*
- સૂરજ ઉગવાની સાથે જ અંધારૂં અલોપ થઇ જાય છે. અંધારાથી ડરવાનું કોઇ કારણ નથી, સવાર પડવાની જ છે. દરેક હાલતમાં હું મજામાં રહીશ એવું નક્કી કરો, કોઇ હાલત તમને હેરાન નહીં કરી શકે — *- ડો. ચંદ્રકાન્ત મહેતા*
- શબ્દો હવે માત્ર સંભળાય છે, સ્પર્શતા નથી, શબ્દોનું પોત પાતળું પડી ગયું છે. દિલમાં સોંસરવા ઊતરી જાય તેવું માધુર્ય પણ શબ્દોએ ગુમાવ્યું છે. શબ્દો માત્ર હોઠમાંથી સરે છે. હૃદયમાંથી નીકળતા નથી — *- મજરૂહ સુલતાનપુરી*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

ફૂલ ચૂંટવા નીકળ્યો ત્યારે જમીન પર પડેલાં પીળાં કરેણના ફૂલ અને પારિજાતના ફૂલ એકઠાં કરતો હતો. ત્યાંથી પસાર થતાં એક મિત્રએ કહ્યું - જમીન પર જ છે ને? ફૂલ લેવાય? મેં કહ્યું - ઝાડ આખું જમીન પર જ છે ને? ફૂલ ચૂંટવા ચઢાવવામાં માત્ર ભાવના જ કામ કરે છે.

એક શ્રાવણ માસમાં એક બહેને એક માસમાં સવા લાખ બિલીપત્ર ચઢાવવાનો 'નીમ' લીધી. દસ પંદર દિવસ તો બરાબર ચાલ્યું. આસપાસના બિલીપત્રના વૃક્ષો બીલીપત્ર ચૂંટી ચૂંટી ઠૂંઠા જેવા થઇ ગયા. બહેન મૂંઝાયાં કોઇ પૈસા દઇને દરરોજ આટલાં બધાં 'બિલીપત્ર' લાવી આપે એવું પણ કોઇ ન હતું. એ સંત પાસે ગયાં - અને પોતાની મૂંઝવણ રજૂ કરી પૂછ્યું. બાપુ હવે હું શું કરૂં?!

સંતે પૂછ્યું કહે કેટલાં બાકી રહ્યાં - તારા સંકલ્પમાં કેટલાં ખૂટે છે? બહેન કહે હજુ પંદર દિવસ બાકી છે અને મારાં પંદર હજાર બિલીપત્ર ખૂટે છે!

સંતે સ્મિત સાથે કહ્યું - મહાદેવ પાસે બેસી ઓમ નમઃ શિવાય બોલી દરરોજ તારા શરીર પર એક હજાર ચૂંટી ખણજે 'તારો નિયમ પૂર્ણ થઇ જશે!'

બહેન કહે એમ તે કંઇ થતું હશે - હજાર ચૂંટીની પીડા કેટલી થાય? સંત કહે 'તો બિલીપત્રના ઝાડને કેટલી પીડા થતી હશે એનો વિચાર કર્યો?!'

બહેને નિયમ પડતો મુક્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

# તારે પૈસાની જરૂર હતી તો અમને વાત કરી હોત તો પૈસા મળી જાત પરંતુ તે આપણાં ભલા ભોળા પિતાજીનું ખૂન શા માટે કર્યું?

**હત્યારો કોણ?**
*- નિરંજન ઓઝા*

ભાવનગર શહેરનાં ગાંધી સ્મૃતિ પાસે આવેલ મેઘાણી સર્કલ નજીક ભાગ્યોદય એપાર્ટમેન્ટમાં શ્યામ લાલજી પરિવાર સાથે રહે છે. પરિવારમાં તેમના ધર્મપત્ની, મોટી દીકરી ૧૨ વર્ષની અને પુત્ર નંદરાય ૯ વર્ષનાં રહે છે. તેઓ મૂળ રાજસ્થાન છે. પરંતુ વર્ષોથી સર્વીસ અર્થે ભાવનગર આવ્યા હતા. અને હાલમાં માધવ કોમ્પલેક્ષમાં આવેલ નમન આંગડિયાની ઓફીસમાં એકાઉન્ટટ તરીકે સેવા આપે છે. મોટી દીકરી ભણવામાં સાધારણ છે. જયારે દીકરો નંદરાય ઉર્ફે નંદુ ભણવામાં હોંશિયાર છે. બંને જણા નામ. સેસન્સ કોર્ટની સામે આવેલ હલુરિયા ચોકમાં આવેલા સરકારી શાળામાં અભ્યાસ કરે છે. નંદુ માટે શાળાના આચાર્ય, શિક્ષક ગણને પણ લાગેછે કે બોર્ડમાં નંદુ શાળાનું નામ જરૂરથી રોશન કરશે. ધોરણ ૧૦ તથા ૧૨માં નંદુ એ+ ગ્રેડીંગ સાથે પાસ થાય છે. આગળ અભ્યાસ માટે નંદુ કોમર્સ લાઇન પસંદ કરે છે. ભાવનગરની જૂનામાં જૂની તથા સારામાં સારી સર શામળદાસ કોલેજમાં પ્રવેશ મેળવી સ્કોલરશીપ પણ મેળવે છે. કોલેજના અભ્યાસમાં ઝળહળતી સિદ્ધિ સાથે એમ.કોમ પસાર કરે છે. નંદુના અભ્યાસમાં તેનાં કાકા રઘુવિરસિંહનું પણ આર્થિક યોગદાન હોવાથી, નંદુને પોતાની સોના-ચાંદીની દુકાનમાં એકાઉન્ટટ તરીકે લેવાની ઇચ્છા હોવાથી નંદુ સામે પ્રસ્તાવ મુકતાં, નંદુ તેને સ્વીકાર કરે છે અને કાકાની દુકાનમાં સેવા શરૂ કરે છે. દુકાનમાં ત્રણેક વર્ષનો સમય પસાર થતાં તેમજ નંદુ પુખ્તવયના થતાં રાજસ્થાનના કુટુંબીજનોની દીકરી 'નિલીમા' સાથે લગ્ન લેવાય છે.

લગ્ન જીવનના ત્રણેક વર્ષ પછી, નંદુના સંસારમાં પુત્રીની પધરામણી થાય છે અને 'સર્વ કુટુંબીજનો તેમજ મિત્ર વર્ગની હાજરીમાં પુત્રીનું નામ 'રાજેશ્વરી' પાડવામાં આવે છે.' પુત્રી 'રાજેશ્વરી' ત્રણેક વર્ષની થતાં તે તેની માતાની છત્રછાયા ગુમાવે છે. આ સમય દરમિયાન નંદુ ઉર્ફે નંદરાય. તેમના સાળા વિનયને પોતાની સાથે સોના-ચાંદીની દુકાનમાં લઇ લે છે કે જેથી 'રાજેશ્વરી'નું ધ્યાન પણ રાખી શકે.

હવે મિત્રો તેમજ કુટુંબીજનો નંદરાયને બીજા લગ્ન કરવાની સલાહ આપે છે. કારણ કે નંદરાય ઉંમરમાં હજુ નાના છે અને પુત્રી રાજેશ્વરીની દેખરેખનો પણ પ્રશ્ન ઊભો જ છે. નંદરાય બીજા લગ્ન કરે છે અને બે એક વર્ષ પછી ફરીથી બીજી લક્ષ્મી દેવીની પધરામણી થાય છે. નંદરાય પ્રથમ નિરાશ થાય છે પરંતુ મનુષ્ય યત્ન ઇશ્વર કૃપાના પરમ આદેશનો સ્વીકાર કરી ઘરસંસાર આગળ ધપે છે. ભગવાન જાણે નંદરાયની કસોટી લેવા માંગતા હોય છે તેમ બીજી પત્ની પણ ગુમાવે છે. હવે મિત્રો તથા કુટુંબીજનોની ત્રીજા લગ્ન કરવાની સલાહનો અસ્વીકાર કરે છે અને પોતાની બંને દીકરીઓનાં ઉછેરમાં મહત્ત્વનું યોગદાન આપવાનું શરૂ કરે છે. નિરાધાર નંદરાયની તબિયત લથડે છે પરંતુ બંને દીકરીઓ યુવાન થતાં, પોતાના પિતાશ્રીનું ધ્યાન રાખવામાં કચાસ રાખતાં નથી. બંને દીકરીઓ કોલેજમાં અભ્યાસ કરે છે. મોટી દીકરી રાજેશ્વરી ભણવામાં હોંશિયાર છે. તેમજ બીજી વ્યવહારૂ બાબતોમાં ચકોર છે જયારે બીજી દીકરી ભણવામાં તેમજ અન્ય બાબતોમાં પણ સાધારણ છે. ડોકટરની સલાહ મુજબ સવારે તથા સાંજે બંને દીકરીઓ વારા નક્કી કરી નાખ્યા હોય છે. નંદરાયને પણ હવે પોતાની જિંદગી ઉપર ભરોસો રહ્યો ન હોવાથી વકીલની સલાહ લઇ બંને દીકરીઓને પોતાના અવશાન પછી રૂપિયા દસ-દસ લાખ મળે તેવી વ્યવસ્થા કરી દે છે. બંને દીકરીઓ સવાર-સાંજ પોતાના પિતાને દવા આપવામાં નિયમિત છે, તેવી જ રીતે અશક્ત નંદરાય પણ પોતાની બંને દીકરીઓ નિયમિત કોલેજ જાય અને અભ્યાસ પૂર્ણ કરે તેની ચિવટ રાખે છે, નંદરાયે તબિયતને લીધે દુકાનમાંથી નિવૃત્તિ લઇ લીધી હોય છે.

એક દિવસ નંદરાયની તબિયત વધારે બગડે છે તેથી સવારની દવા પછી લઇશ એમ કહી બંને દીકરીઓને કોલેજ જવા આગ્રહ કરે છે પરંતુ બંને દીકરીઓની ગેરહાજરીમાં દવા લેવાની નથી તેથી તબિયત વધારે બગડે છે. તે દરમિયાન દુકાનમાં નંદરાયના સાળા વિનયને ફોન આવે છે કે તમારાં જીજાજીની તબિયત વધારે બગડી છે. તેથી ઘરે પહોંચો. આ સમાચાર મળતાં, દુકાનના મેનેજર મખ્ખનલાલની પરવાનગી લઇ, વિનય જીજાજીના ઘરે જવા નિકળે છે. આ સમય બપોરનો હતો, ઘરે પહોંચ્યા પછી બારણા ખુલ્લા હતા તેથી નવાઇ લાગે છે, પછી નંદરાયને લોહીના ખાબોચીયામાં પડેલા જુએ છે તેની પાસે જઇ પીઠમાં મોટો છરો ખોસેલો હતો તે કાઢી નાખે છે. આ સમયે નંદરાયજીના ઘરે કામ કરતાં મધુબેન ઘરમાં દાખલ થાય છે તે વિનયને શેઠજીની બાજુમાં છરાં સાથે ઊભેલો જૂઓ છે ને ખૂન-ખૂનની બૂમરાણ મચાવે છે. આ સાંભળી વિનય ચૂપકેથી પાછલાં બારણેથી ભાગી જાય છે. બૂમો સાંભળી પાડોશીઓ આવી પહોંચે છે અને શેઠજીને લોહીના ખાબોચીયામાં પડેલા જોઇ મધુબેનને જ ખુન કર્યુ છે તેમ કહેતા, પોલીસને બોલાવવા ફોન કરે છે. પોલીસ કાફલાં સાથે આવી જાય છે અને પાડોશીઓનાં કહેવા મુજબ ખૂન મધુબેન કર્યુ છે તેની જાણ કરે છે, મધુબેન જણાવે છે કે મેં ખૂન કર્યુ નથી પરંતુ હું જયારે ઘરે આવી ત્યારે વિનય હાથમાં છરા સાથે શેઠજીની બાજુમાં ઊભેલો હતો તેથી ખૂન વિનયે કર્યુ છે. આમ પોલીસ, પાડોશીઓનાં, મધુબેનના તથા વિનયના નિવેદનો લે છે. પ્રથમ દૃષ્ટિએ જ વિનયે જ ખૂન કર્યું છે તેમ લાગતાં, વિનયની ધરપકડ કરી જેલ ભેગો કરે છે.

વિનય પોતે નિર્દોષ છે તેમ જાણે છે તેથી ભાવનગરના ક્રાઇમ બાબતોના મશહૂર એડવોકેટ દિપકકુમારની સેવા લેવાનું નક્કી કરે છે અને એડવોકેટ દિપકકુમાર જેલમાં વિનયને મળવા આવે છે અને ખરેખર શી હકીકત છે તેની જાણકારી મેળવે છે, એડવોકેટ વિનય નિર્દોષ હોય તેની ખાતરી લાગે છે પરંતુ તે માટે સાક્ષીઓ, પુરાવાઓ તેમજ દસ્તાવેજો જોઇએ તેમ જણાવે છે. તેથી જો કંઇ પણ હોય તો જણાવવા વિનયને કહે છે. એડવોકેટ દિપકકુમારની પુછપરછને અંતે કશુંક યાદ આવતાં મોબાઇલ ઉપર સૂચના મળી હતી તેમ જણાવે છે. એડવોકેટ દિપકકુમાર મોબાઇલ લઇ લે છે અને આગળ કાર્યવાહી કરવાની હૈયાધારણ આપે છે. એડવોકેટ દિપકકુમારે મોબાઇલ વિનય પાસેથી મેળવ્યા પછી તેના ખાનગી ડિટેકટીવ મિત્ર રમેશને બોલાવી, તેને મોબાઇલ આપી તપાસ કરી તેનો રીપોર્ટ ત્રણ દિવસમાં મળે તેવી રીતે કાર્યવાહી કરવાની સૂચના આપે છે, તદાનુસાર ત્રણ દિવસના સખ્ત પ્રયત્નો પછી, ડિકેટરીવ રમેશ તેનો રીપોર્ટ એડવોકેટ દિપકકુમારને આપે છે. એડવોકેટને રીપોર્ટ વાચતાં આશ્ચર્યની સાથે આઘાત લાગે છે, પુરેપુરો રીપોર્ટનો અભ્યાસ કર્યા પછી, હિયરિંગને દિવસે નામ.કોર્ટને વિનંતી કરે છે કે આ પ્રકરણમાં મારે ત્રણે સાક્ષીઓની પુછપરછ કરવાની હોવાથી, સાક્ષીઓની પુછપરછની મંજુરી આપવામાં આવે. નામ.કાર્ટ એડવોકેટ દિપકકુમારની વિનંતી માન્ય રાખે છે, તદાનુસાર પ્રથમ સાક્ષી તરીકે નંદરાયજીની મોટી દીકરી રાજેશ્વરીની પુછપરછ કરે છે, કોલેજમાં બધાં જ પિરીયડો ભર્યાની તેમજ હાજરીપત્રકમાં સહીઓ કર્યાની રાજેશ્વરીની જાણ કરે છે જેએડવોકેટ દિપકકુમારને યોગ્ય લાગતા માન્ય રાખે છે.

હવે બીજી દીકરી નિરાળીને પણ તેવો જ પ્રશ્ન કરે છે કે તમે બધાં જ પિરીયડોમાં હાજર હતા અને હાજરીપત્રકમાં સહીઓ કરી હતી? તેના પ્રત્યુત્તરમાં નિરાળી જણાવે છે કે કોલેજમાં બધા જ પિરીયડો ભર્યા હતા અને હાજરીપત્રકમાં સહીઓ પણ કરી હતી. એડવોકેટ દિપકકુમારને શંકા જતાં, ફરીથી પુછે છે કે શું તમે બધાં જ પિરીયડોમાં હાજર હતા? ત્યારે પણ નિરાળી 'હા' પાડે છે.

હવે ત્રીજા સાક્ષીને તપાસતાં પૂર્વે એડવોકેટ દિપકકુમાર સ્પષ્ટતા કરે છે આ વ્યક્તિ નંદરાયજીના કુટુંબ સાથે કોઇ સંબંધ ધરાવતી નથી પરંતુ તે આ પ્રકરણ સાથે સામેલ હોય તેમ લાગે છે તેથી નિલેષને પ્રશ્ન કરે છે કે શું તમે પણ તે દિવસે કોલેજમાં બધાં જ પિરીયડોમાં હાજર હતા? નિલેષ 'હાં'માં પ્રત્યુત્તર આપે છે. શું તમારો મોબાઇલ નંબર '૧૨૩૪૫૬૭૮૯૦' છે? 'હાં' આ મારો મોબાઇલ નંબર છે. તેમ પ્રત્યુત્તર આપે છે. તમે તે દિવસે આ મોબાઇલ નંબર ઉપર કોઇનો સંપર્ક સાધ્યો હતો? તમે તેના પરિચયમાં છો? તેના પ્રત્યુત્તરમાં નિલેષ જણાવે છે કે મેં નિરાલીના કહેવાથી તેનો સંપર્ક સાધ્યો હતો. હું તથા નિરાળી, હાજરી પુરી, ફોન કરવા નીકળી ગયા હતા અને ત્યાંથી અમે નિરાળીના ઘરે આવી, બારણું ખોલી, નિરાળીના પપ્પા જયાં સૂતા હતા ત્યાં ગયા હતા. ત્યારે તે નિરાળીના પપ્પા બેભાન અવસ્થામાં હતા તે જાણી, નિરાળી રસોડામાં ગઇ હતી ત્યાંથી મોટો છરો લાવી તેના પપ્પાની પીઠમાં બે ચાર કર્યા હતા અને અમે ઘરેથી ત્યારબાદ નીકળી ગયા હતા.

એડવોકેટ દિપકકુમાર હવે આખા પ્રકરણની હકીકત સમજાવતાં જણાવે છે કે નિલેષ, વિનયને ફોન કર્યો હતો તેથી વિનયે ઘરે આવી, પોતાના જીજાજીને દયાજનક સ્થિતિમાં જોતા, છરો કાઢી લે છે જેની ઉપર તેના આંગળાની છાપ આવી જાય છે અને બધો જ ગુનો વિનય ઉપર આવે છે પરંતુ હકીકતમાં નિરાળી ખુન કરે છે અને ત્યારબાદ બંને ઘરેથી નીકળી જાય છે કે જેથી તેની ઉપર આક્ષેપ આવે નહિ. આમ ખૂની નિરાળી છે. જયારે વિનય નિર્દોષ છે આથી ખૂની નિરાળીને કડકમાં કડક સજા થવી જોઇએ.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# જો સાહિત્યિક - કુદરતી, લાગણી અને સંવેદનાનું વાતાવરણ મળે તો અંતરમાંથી પ્રગટતી ગઝલના છંદ અનાયાસે - આપોઆપ સિદ્ધ થાય

**સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ**
**'શબ્દ સેતુ'**
સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

*સમાચાર સેતુ*

● અખિલ ગુજરાત ચારણ-ગઢવી સમાજ ટ્રસ્ટ, ગાંધીનગરના ઉપક્રમે તા. ૧૨-૧-૨૦૧૪ના રોજ, ચારણ-ગઢવી સમાજના, શિષ્ટ કવિતા (છાંદસ - અછાંદસ), ગીત, ગઝલ, લખતા કવિઓનો એક મેળાવળો યોજવામાં આવેલ છે; જેનું આયોજન/સંકલન ગઢવી સમાજના સાહિત્યકાર ભરત કવિ 'ઉર્મિલ' કરશે. વધુ વિગતો અંગે તેઓશ્રીનો સંપર્ક કરવો.

● બાલ સાહિત્ય અકાદમીની સભા તા. ૧૨-૧-૨૦૧૪ ના રોજ સવારના ૧૦.૦૦ વાગે તેમના ભવનમાં મળશે.

*નિબંધ સેતુ*

*ગઝલ-એ-બોલ*

ગઝલ એ વેઠ ઉતારવાની બાબત નથી, તે અસ્તિત્વની છબિ છે. ગઝલનો કાફિયા-પ્રાસ ગઝલનો ધબકતી કરે છે. ગઝલની સ્ફૂર્ણા એટલે જેમ ચકલી, કાગડો, કબૂતરના ઈંડામાંથી બચ્ચાં બહાર નીકળીને સમયાંતરે દૂર દૂર ઊડી જાય છે ત્યારે મા-બાપ તેમને માળાની ગૂંથણી શિખવતાં નથી, તેમ છતાં, આ બચ્ચાં મોટા થતાં, સ્વયં રીતે માબાના જેવો જ રમ્ય માળો ગૂંછે છે - પોતાની સ્વયંસ્ફૂરણાથી; તે રીતે 'ગઝલ' પણ અંદરથી - અંતરમાંથી આપોઆપ સ્ફૂરે છે. દરેક કાળમાં કોઈ પણ બાબતની અનુભૂતિ તો એ ક જ હોય છે, માત્ર તેની અભિવ્યક્તિ બદલાય છે. ભાષા અને ભાવ (હૃદયનો) પાસેથી કામ લેવાય એટલે ''ગઝલ'' નો આર્વિભાવ થાય. ગઝલના છંદ જયાં સુદી આત્મસાત્ ન થાય ત્યાં સુધી તે 'ગઝલ' નથી, પરંતુ તે 'જોડકણાં' છે. છંદ હોય તો તેનું માપ-એટલે કે વજન હોય. જો સાહિત્યિક - કુદરતી, લાગણી અને સંવેદનાનું વાતાવરણ મળે તો અંતરમાંથી પ્રગટતી ગઝલના છંદ અનાયાસે - આપોઆપ સિદ્ધ થાય. ગઝલ એ ઉર્મિકાવ્યનો એક પ્રકાર છે અને તેને લખવી કરતાં કહેવી ઉત્તમ છે. દિલમાંથી ઘૂંટાઈને આવેલી ગઝલનો સ્વાદ કંઇક અનેરો હોય છે અને જો તેમાં રૂપકો, કલ્પનો અને સજીવારોપણ અલંકારનો ઉપયોગ થયેલ હોય તો તે અનેક રીતે નિખરે છે -

- 'દધિ'

*કાવ્ય સેતુ*

*શું આવું વીરા ગામડે!*

હું, શું આવું વીરા ગામડે! મને ગામડું અજુગતું લાગે!
ગામડાનું ગયું એ કૌવત, યાદ કર્યે દિલે કાંટા વાગે!
હવે નવ ગવાય રૂડાં પ્રભાતિયાં વહેલી પરોઢે, કે
કયાંક ન ફરતી પ્રભાત ફેરી, કે ન તેની ઝાલર વાગે.
રહ્યો નહીં નાદ રૂડો ઘંટીનો, ને માવડીનો સૂરમીઠો
જે પરોઢે દરણું દળતાં ગાતી'તી હોંસથી રૂડા રાગે
શું આવું...

ઘમ્મર વલોણાના એ મધુરા નાદ, કહીં નવ ગાજતા,
ત્યાં આગણે કાબર-ચકલીનો મીઠો કલશોર ન લાગે,
સીમાડે સુણા નહીં, એ રૂડા કોસનો કિચૂડાટ કહીં;
કે ના મળે કહીં કોઇ કોસીયો, ગાતો 'ભરેલો' રૂડા રાગે..ય
શું આવું...

સુણાય નહીં સુરીલો મીઠો-તીણો વાંસળીનો નાદ કહીં;
ના કહીં ગૂંજતા સૂરભર્યા, મધુરા જોડિયા - પાવા વાગે!
નવ રેલાય કયાંક વગડે ઘોડાલિયાના સૂર મીઠા, કે
ના કહી મદારી મુખે જાદુભરી, મધુરી મોરલી વાગે!...
શું આવું...

ખેતરના શેઢે ના લહેરાતો લીલૂડો રૂડો ઝીંઝવો, કે
વાઢનારીના માદક જોબનની, ના મહેંક કહીં મહેંકે
નથી રૂડો ડોલરિયો ને ડમરો મધમધતો ફોરતા
ના બોલે પપૈયા પિયુ પિયુ, ના કળાયેલ મોરલા ગહેંકે
શું આવું...

ન દિસે જાતી ખેતરે, મલકતી, મતવાલી ભથવારી
જતી હેતે ભાતલૈ પિયુનું, પાયે છલકતી પાયલ બાજે
ન રહ્યા એ હળ - ઓજાર, ને ખેતર ન રહ્યા એ 'બાપલા'
ના કયાંક ડોલતાં બળદ કંઠે, ઘમરતા ઘૂગરા ગાજે!...
શું આવું...

ન રહ્યાં એ મોઇ-દંડા કે ન ખેલાતી કબડ્ડી કે હુતુતુ,
ખેલતાં'તા ભેરૂબંદો હળીમળી, ભાઈચારાથી જે હાંસે.
ન રહી એ આંબલી, ને ન રહી ઘટાદાર રૂડી પીપળી,
જયાં ખેલતાં'તાં આંબલી-પીંપળી હરખે, મસ્તી ભરા સાંજે.
શું આવું...

ના દીસે અંગકસરત હેરતભરી, દોરે ચડ્યા ન ટની,
કે ના કહીં બત્રીસપૂતળીના રૂડા ખેલ ખેલાતા લાગે.
રાત્રે નવ ખેલાતી ભવાઈ કે રંગીલી રામલીલા નહીં,
ના કહીં જ્ઞાનવૈરાગ્ય ભર્યાં રૂડાં ભજનોની રમઝટ વાગે!
શું આવું...

પ્રેમે મળતાં સૌ, રૂડાં, 'જાયણી'ના ઝાઝેરા ઝુહાર સાથે
એ પ્રેમ પાછોટનો થયો, ને હવે લોકો આવે બાથંબાથે!
ગંદા રાજકારણે પગ પ્રસાર્યા, પ્રપંચ ખેલાતો લાગે,
શાંતિએ ઉચાળા ભર્યા, ને અશાંતિના પડઘમ લાગે!
દીનદલિતો રહેંસાવા લાગ્યા, દીકરીઓ લૂંટાતી લાજે
કોઇ કહેનાર રહ્યું નહીં, નાગાફૂલે જેમ નગારાં બાંજે!
અહમ્ના ઓથારે લીધો ભરડો, ને સ્વાર્થમાં સો રાચે,
માને-મર્યાદા વળગણીએ વળગાડી, નાગા થૈને... નાચે!
શું આવું...

કૂબે કરવટ બદલે, લીધાં રૂપ જે મહેલને સાજે!
ઝૂંપડીઓ જલતી રહી, ને અહંના મહેલ અરઘે આજે!
ગામડું ભાંગી રહ્યું, ને દોટ દેતું શહેરભણી,
ગામડું નગર બન્યું; 'દધિ' કયાં, 'ગામડું' ગોકળીયું લાગેય

**મૂળજીભાઇ પરમાર - 'દધિ'**

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ગળામાં દોરા, હાર, મંગળસૂત્ર, માળા આવું બધું કેમ લટકાવવામાં આવે છે.... એ હજુય સમજાતું નથી

**ધૂપસળી ધૂણાવે આકાશ**
**(હાસ્ય કટાક્ષિકા)**
*- ગિરા પિનાકીન ભટ્ટ*
**ગળામાં દોરો પહેરો છો જ કેમ...?**

ગળામાં દોરા, હાર, મંગળસૂત્ર, માળા આવું બધું કેમ લટકાવવામાં આવે છે.... એ હજુય સમજાતું નથી. રોજ રોજ દોરા તૂટે, પછી ઘેર આવી રડે. અરે! એક દહાડો જ ન રડે, રોજ-રોજ રડે. પતિ સસરાના દેખતા સવાયું રડે... આખો મહિનો જ નહીં, વરસ રડે. જો કે હું અતિશયોક્તિ અલંકારોમાં લખવા ટેવાયેલી નથી. પણ... રડે રડે તે આખી જિંદગી રડે. એય પાછા એક દોરા માટે!

એક વાત વચ્ચે યાદ આવી ગઇ. મમરા જેવી, હળવી ફૂલ. મમ્મીનો દોરો ખેચાંયો... ને મમ્મી રડી, રડતી જ રહી, પપ્પાની કોઇ કામગીરી કામ ન લાગી. તે નાનકડા દીકરાએ સોયદોરાના ડબ્બામાંથી રીલ કાઢી લાવ્યો. દોરો તોડી મમ્મીના હાથાં આપ્યો કુમળાથી. 'લે... મમ્મી, એ દોરો ગયો તો આ લે...'

મૂળ વાત દોરાની. દોરો તૂટ્યો ને બેન પહોંચ્યા પોલીસ સ્ટેશને. બસ, પછી તો જે - તે અધિકારીને (પીએચ.ડી.) કરવાની હોય એટલા રસીક પ્રશ્નોનો વરસાદ.

હા...તો તમારો દોરો તૂટ્યો, એમને.

હા.

કેટલા વાગે તૂટ્યો.

સાંજે છ વાગે, તે કયાં જતા હતા?

શાક લેવા.

તે શાક લેવા જતા દોરાની શું જરૂર પડી?

એ તો સાહેબ પહેરેલો જ હતો.

તો.... પહેરેલો કેમ રાખો છો?

બસ, એમ જ. જવાબ ન મળતાં બેન એટલું બોલી ચૂપ થઈ ગયા. હા... તો, તે વખતે તમે કયો ડ્રેસ પહેર્યો હતો?



પંજાબી.

હા... તો, પંજાબી ડ્રેસનો દુપટ્ટો છે કે એ પણ ગયો...?

ના, એ તો છે.

હવે આગળની વાત. દોરો તૂટયા પછી તમે શાક લેવા ગયા કે કેમ?

ના, ત્યંથી પાછી આવી.

કેમ? શાક ના લીધું.

ના.

તો... તો... કાલે રાંધશો શું?

આંખો રોઇ - રોઈને રાતીચોળ થઈ ગઇછે. કાલે મૂડ હશે તો રાંધીશ નહીંતર... ભૂખે જ બેસી રહીશું.

કેમ? ભૂખ્યા બેસી રહેવાથી દોરો મળી જશે?

ખબર નથી.

લ્યો... કરો વાત. ભૂખ્યા રહેવાનું, રડવાનું, રાંધવાનું નહીં. દોરો મળશે કે કેમ એની ખબર નથી. આટઆટલી પળોજળોમાં પડવા કરતાં દોરો ના પહેરતા હોવ તો...?

આવતીકાલે 'ગ' ઝીરો એ ગાંધીનગરના તમામે તમામ સર્કલો, શાકમાર્કેટ, જાહેર સ્થળો, મંદિરો, થિયેટરો, બધા જ સ્થળેથી તમામ પોસ્ટરો ઉપાડી લેવાશે. અને નવા પોસ્ટરો મૂકાશે. સાંભળો... 'બહેનો તમે જોતા નથી, કેટલું દોડું છું તે. ભારતભરની જવાબદારી ઉપાડવાની છે, ત્યાં તમારો દોરો કેમ સાચવવો?... આ લખાણની બાજુમાં ઊભા હશે મોદી સાહેબ... આંગળી ચીંધી કહેશે - બહેનોને 'ગળામાં દોરો પહેરો છો જ કેમ?'

હજુ વાત પૂર્ણ નથી, પોલીસ સ્ટેશને આવ્યો છો, વાત તો સાંભળવી જ પડશે. બેસો, પેલી ખુરશી ખાલી છે. સંભાળીને બેસજો, એક પાયો હાલે છે. જરા ગરબડ વધારે છે.

'હા... તો બીજા પોસ્ટરો મુકાશે બાપુઓના, ધર્મધુરંધરોના, કહેવાતા સંતોના. 'ગળામાં જ શું કામ? સોનાનો મોહ ત્યાગો...?' સુવર્ણમૃગના લાલચે સીતાજી કેવા પરેશાન થયા હતા, એ ભૂલી ગયા? એમના કારણે રામજી પણ હેરાન-પરેશાન થઇ ગયા. ત્યાગો-ત્યાગો એમના કારણે રામજી પણ હેરાન-પરેશાન થઈ ગયા, ત્યાગો-ત્યાગો સુવર્ણનો શોખ ત્યજો.

'પરંતુ... સાહેબ... એમના પગમાં સોનાની પાદુકાઓ હોય છે.'

'હોય જ ને... એમના ચરણ કમળ પવિત્ર હોય છે... પણ એ વાત ચોક્કસ. એ તમને જરૂર કહેશે કે દોરો મળશે કે કેમ?' અને મળશે તો કયાંથી? કોની પાસેથી...'

'સાહેબ... ચોર, ગઠીયા ... વિરૂદ્ધ ફરિયાદ લખોને...'

'લખીશ... પરંતુ પહેલાં અમારી વાત સાંભળો. પેલા બંગાળમાં વાઘણને ઓળખો છો? ટીવી ઉપર કયારેક જોયાં છે?'

નામ ને કામ બંને જાણું છું.

બસ તો મારી બેન, શું કરવા સોના લટકાવો છો શરીરે. હાથે કરીને ગળામાં દોરો લટકાવવાનો? સુખની ફાંસી? બાકી રહ્યું તે હાથમાં બંગડીઓ પાટલા કે બ્રેસલેટ - લખી. લ્યો... કરો વાત! હાથે કરીને નોંતરો હાથકડીને. પગે ઝાંઝરા, છટા કે કડાં... એટલે ત્યાંય બંધન. શું કરૂં ને શું કહું તમારી ફેશનોને...

આટલેથી જ ન ધરાયાં...તે નાક અને કાનમાં કાણાં પાડી - પાડીને ય પહેરો છો... શા માટે ઉપાધિઓ હાથે કરીને વહોરો છો. મમતા - બેનરજીને ગુરૂ બનાવોને... તો અમારીય મુશ્કેલીઓ ઓછી થાય.

દોરાની વાત મનમાં કોઇક ખૂણામાં દબાઇ ગઇ, દટાઇ ગઇ, કોણ જાણે? પરંતુ પેલા અધિકારીને સીધા કેમ કરવા એ વાત અને એ ગડમથલમાં છું.... દોરો ગયો... આંસુઓ વહીં ગયા... આબરૂ ગઇ ને પહેરવાના અભરખાય ગયા. છતાં... અધિકારીઓ એવા ને એવા, એના એ જ રહ્યા...

સુવર્ણના અલંકારો ભાઈઓ બહેનો ને બાળકોએ પ્રાચીનયુગથી ધારણ કર્યા હતા. કાળક્રમે એમાં સુધારો આવ્યો છે... તિજોરીમાંથી હવે એ સુવર્ણ અલંકારો પહેરે છે લોકરો.

બોલો... ભારત માતા કી જય...